આશા ની બરણીઓ

હોલોકોસ્ટ (કત્લેઆમ) દરમ્યાન એક મહિલા એ 2500 બાળકો ના જીવ કેવી રીતે બચાવ્યા



જેનિફર

આશા ની બરણીઓ

હોલોકોસ્ટ (કત્લેઆમ) દરમ્યાન એક મહિલા એ
2500 બાળકો ના જીવ કેવી રીતે બચાવ્યા



ઓટવૉક, પોલેન્ડ, 1917

ઈરિના નાની-નાની વસ્તુઓ પર ધ્યાન આપતી હતી.

એણે જોયું કે કેટલાક લોકો સાથે, બીજાઓ ની તુલના માં અલગ વ્યવહાર કરવામાં આવતો હતો. ઈરિના ના પિતા એક ડૉક્ટર હતા અને ક્યારેક-ક્યારેક એ દર્દી ને જોવા જતા ત્યારે ઈરિના ને પણ સાથે લઈ જતા હતા. જે મહોલ્લા માં એ દર્દીઓ નો ઈલાજ કરતા હતા ત્યાં ઘણા યહૂદી બાળકો હતા જે યીદીશ ભાષા બોલતા હતા અને યહૂદી મંદિરો માં પણ જતા હતા.

ઈરિનાએ બીજા લોકો ને, યહૂદી લોકો માટે હલકી વાતો કરતા સાંભળ્યા. એના મોટા ભાગ ના પાડોશી યહૂદી વસ્તીઓ થી દૂર જ રહેતા હતા. પણ ઈરિના ઘણી વાર યહૂદી બાળકો સાથે રમતી હતી.



"પાપા," ઈરિના એ પૂછ્યું, "શું અમુક લોકો સાચેજ બીજા લોકો થી વધારે સારા હોય છે?"

"ઈરિના," એના પિતા એ કહ્યું, "આ દુનિયામાં બે જાતના લોકો રહે છે - સારા અને ખરાબ. એનાથી કોઈ ફરક નથી પડતો કે એ શ્રીમંત છે કે ગરીબ, ક્યા ધર્મ કે જાતી ના છે. મહત્વ નું એ છે કે એ સારા છે કે ખરાબ."

ઈરિના જયારે ફક્ત 7 વર્ષ ની હતી, ત્યારે એના પિતા નું મૃત્યુ થઇ ગયું. પણ એમના શાણા શબ્દો ઈરિના સાથે હંમેશા રહ્યા. એ ઈરિના ના દિલ ના ઊંડાણ માં સમાઈ ગયા હતા.



વોરસો, પોલેન્ડ, 1940

ઇરિના એક સારી વ્યક્તિ બનવા ચાહતી હતી.

વોરસો માં ગરીબ પરિવારો ને મદદ કરવા, એણે એક સામાજિક કાર્યકર્તા તરીકે નોકરી કરી.

1939 માં જર્મની એ પોલેન્ડ પર આક્રમણ કર્યું. જર્મની ના નેતા, એડોલ્ફ હિટલર, નાઝી પાર્ટી ના નેતા હતા. એમનું માનવું હતું કે યહૂદી લોકો જર્મન લોકો ના શત્રુ હતા. ત્યારે બીજું વિશ્વ યુદ્ધ શરુ થઈ ગયું હતું.

"હું અહીં લોકો ને રસી મૂકવા આવી છું," ઇરિના એ કહ્યું. એ વોરસો ના એક યહૂદી વસવાટ માં પ્રવેશ કરી રહી હતી. 1940 સુધી જર્મની એ લગભગ 500,000 પોલિશ યહૂદીઓ ને, શહેર ની અંદર આવા સંકુચિત સ્થાનો "ઘેટ્ટો" માં જઈને રહેવા માટે મજબૂર કર્યા હતા. એ ઇલાકો 2 વર્ગ માઇલ (5.2 વર્ગ કિલોમીટર) થી પણ ઓછો હતો. એક ઊંચી ઇંટ ની દીવાલ ઉપર કાંટાળા તાર અને કાંચ ના ટુકડા થી એ ઘેટ્ટો ઘેરાયેલા હતા. જર્મન લોકોએ પોલિશ લોકો ને ખોટું કહ્યું હતું - પોલિશ લોકો ને યહૂદી વસ્તી માં પ્રવેશ કરવાની અનુમતિ ન હતી કારણકે ત્યાં એ બીમારીઓ પકડી શકતા હતા.

"અહીં થી જાઓ," સિપાહી એ કહ્યું. "અમે નથી ઇચ્છતા કે બીમારીઓ આ દીવાલ ની બહાર ફેલાય."

ઇરિના પહેલા તો ડરી ગઇ, પણ એણે જોયું કે નાઝીઓ એ યહૂદીઓ સાથે કેવો ખરાબ વ્યવહાર કર્યો હતો. એ યહૂદી વસ્તી માં એમનો ધર્મ બીજાઓ થી અલગ હતો એ માટે ફસાયેલા બધા લોકો માટે ચિંતિત હતી.



"મિસ, તમારી પાસે કંઇ ખાવાનું છે?" એક બાળકે ઇરિના ને પૂછ્યું.


"મારુ બાળક બીમાર છે," એક મહિલા એ આજીજી કરી. "કૃપા કરીને શું તમે અમારી કોઈ મદદ કરી શકો છો?"

"એટલા બધા લોકો ને મદદ ની જરૂર છે," ઇરિના એ વિચાર્યું. "એક વ્યક્તિ ભલા શું કરી શકે?"

પછી ઇરિના એ એ વિચાર્યું જે એના પિતા એ એને જણાવ્યું હતું,"જો કોઈ ડૂબી રહ્યું હોય," પિતાજી એ કહ્યું હતું, "તો એને તમારા હાથ નો સહારો જરૂર આપજો."

"બાળકો નું દર્દ સૌથી વધારે છે,"ઇરિના એ ફેંસલો કર્યો. "મારે એની મદદ કરવી જોઇએ."

જુલાઈ 1942 ની શરૂઆત થી, જર્મન સૈનિકો પ્રતિદિન 6,000 થી વધુ યહૂદી લોકો ને રેલગાડી માં પશુ માટેના ડબ્બા માં ભરીને લઈ જતા હતા. યહૂદીઓ ને ખબર ન હતી કે તેઓ ક્યાં જઈ રહ્યા છે. ટ્રેનો એમને ટ્રેબ્લિનકા લઈ ગઇ, જ્યાં નાઝીઓ એમને મારી નાંખતા.



ઈરિના એ એના એવા મિત્રો સાથે વાતચીત કરી જેના પર એને ભરોસો હતો.

"આપણે યહૂદી વસ્તી માં ભોજન અને દવા લઈને જઇ શકીયે છીએ," ઈરિના એ એમને કહ્યું, "પણ આપણે બહુ સાવધાની રાખવી પડશે."

"એ કામ બહુ ખતરનાક થશે," એની મૈત્રિણી જગ પીઓત્રોવ્સ્કા એ કહ્યું. "જો નાઝીઓ એ આપણને પકડયા, તો એ આપણને મારી શકે છે."

"તો શું તું એ કામ કરીશ?" ઈરિના એ પૂછ્યું.

"બેશક," જગ એ ઉત્તર આપ્યો.

ઈરિના અને એના સહાયકો એ બહુ બહાદુરી થી યહૂદી વસ્તી માં ભોજન, દવા અને અન્ય સહાયતા પહોંચાડવાનું શરુ કર્યું. પણ ટૂંક સમય માં એમનું મિશન વધારે મહત્વપૂર્ણ થઈ ગયું ... અને એથી વધારે જોખમી પણ.

ઈરિના એ આયોજન કર્યું.

ઈરિના ના ઘણા મદદગાર હતા. એક એન્ટોની નામનો ટ્રક ડ્રાઈવર હતો. એને યહૂદી વસ્તી ની અંદર અને બહાર ટ્રક ચલાવવાની અનુમતિ હતી. પહેલી વાર એન્ટોની અને ઈરિના એ ટ્રક માં એક બાળક ને બહાર કાઢવાની કોશિશ કરી, તો બાળક રડી પડયું. ગેટ પર જર્મન સૈનિકો એ એને લગભગ પકડી પાડયા.

બીજી વાર જયારે ઈરિના એક બાળક ને ટ્રક માં લેવા આવી, તો એને આશ્ચર્ય થયું. આગલી સીટ પર એક મોટો કૂતરો બેઠો હતો.


"આ શેપસી છે," એન્ટોની એ કહ્યું. "એ બહુ હોંશિયાર છે અને કેળવાયેલો છે. આપણે હવે ટ્રક માં બાળક ના રોવા વિષે ચિંતા કરવાની જરૂરત નથી," એ ગણગણ્યો.



ટ્રક સીમા ગેટ તરફ આગળ ચાલ્યો અને ત્યાં રોકાઈ ગયો. ટ્રક માં પાછળ એક બાળક રોવા લાગ્યું. પહેરેદાર નજીક આવ્યો.

"અરે નહીં!" ઈરિના એ વિચાર્યું. "હવે અમે નિશ્ચિત રૂપ થી પકડાઈ જઈશું!"

એ જ સમયે એન્ટોની એ શેપસી નો પંજો થપથપાવ્યો. મોટો કૂતરો જોરથી ભસવા લાગ્યો, જે થી સિપાહી ના કૂતરા પણ ભસવા લાગ્યા. કૂતરા ના જોરદાર ભસવા થી બાળક ના રોવા નો અવાજ દબાઈ ગયો અને પછી પહેરેદારે ટ્રક ને યહૂદી વસ્તી ના ગેટ થી જવા દીધો.



જુલાઈ 18, 1942

ઈરિના એ એક દરવાજો ખટખટાવ્યો.

જયારે દરવાજો ખુલ્યો, તો એણે એક ઊંડો શ્વાસ લીધો અને એ અંદર ઘુસી. "આ જ સમય છે," એણે કહ્યું.

હેનિયા કોપ્પેલે ધીરે થી એની બાળકી ને ઈરિના ના સુતારકામ ના ઓજાર ની પેટી માં રાખી દીધી.

ઈરિનાએ બાળકી બિએટા ને જોઇ - એનો માસૂમ ચહેરો, એનું નાનું શરીર કામળા માં લપેટાયેલું હતું. બાળકી એ સ્મિત કર્યું. ઈરિનાએ બાળકી ના મોઢા માં દવા નું એક ટીપું નાખ્યું જેનાથી એને ઊંઘ આવી જાય. પછી એણે કામળા ને સરખો કર્યો, એને એ સુનિશ્ચિત કર્યું કે પેટી માં હવા માટે કાણા હતા.

જેવી ઈરિના પેટી ને બંધ કરવા ગઈ, બાળકી ના દાદાજી એ પેટી માં કંઇક સરકાવ્યું. એ એક ચાંદી ની નાની ચમચી હતી જેના પર બાળકી નું નામ અને જન્મદિવસ અંકિત હતા : એલ્ઝબિએટા, 5 જાન્યુઆરી 1942.

"એની માઁ અને પાપા તરફ થી એક ઉપહાર," એણે એની આંખો ના આંસૂ લૂછતાં કહ્યું.

ઈરિનાએ એક ઊંડો શ્વાસ લીધો. એ એનો કિંમતી સામાન લઈ ને યહૂદી વસ્તી માં નીકળી.





ઈરિના એ બીજા દરવાજા પણ ખટખટાવ્યા.

"કૃપા કરીને તમારા બાળક ને મારી સાથે જવા દો," ઈરિના એ ભીખ માંગી, "હું એને બચાવવાની પૂરી કોશિશ કરીશ."

"શું તમે અમને વાયદો કરી શકો છો કે અમારું બાળક જીવીત રહેશે?", માતા-પિતા એ ઈરિના ને પૂછ્યું.

"હું તમને ફક્ત ખાતરીપૂર્વક કહી શકું છું કે જો તમારું બાળક અહીં રહેશે, તો કદાચ એ માર્યું જશે," ઈરિના એ ઉત્તર આપ્યો.

જયારે માતા-પિતા પોતાના બાળક ને આપવા તૈયાર થતા ત્યારે ઈરિના એ વિચારતી કે બાળક ને બચાવવાનો સૌથી સારો રસ્તો શું હશે?

"તમારું બાળક સૌથી નાનું છે," ઈરિના એ એના માતા-પિતા ને કહ્યું. "અમે એને ચોરીછૂપી થી લઈ જઈશું ... બટાકા ની ગુણ માં, શબપેટી માં છુપાવીને, અથવા તો કચરા ની ગાડી માં સૌથી નીચે છુપાવીને."





ઈરિના એ જે મોટા બાળકો બચાવ્યા હતા એની સાથે એણે સીધી વાત કરી.

"બહાદુર બનો," એણે કહ્યું. "હવેથી તારું નામ ઈઝહાક નહીં, પ્યોત્ર છે. તારું નવું નામ વારંવાર બોલ, ત્યાં સુધી જ્યાં સુધી તને પોતાને વિશ્વાસ ન થાય કે તું પ્યોત્ર છે. તું જલ્દી પ્રભુ ઈસુ ની પ્રાર્થના યાદ કરી લે કારણકે હવેથી તું યહૂદી નહીં પણ કેથોલિક બાળક છે."

પ્યોત્રે પ્રભુ ઈસુ ની પ્રાર્થના શીખી અને એનો વારંવાર અભ્યાસ કર્યો, જેવી એણે પ્રાર્થના પૂરી કરી તો એણે એની છાતી પર ક્રોસ નું ચિન્હ પણ બનાવ્યું.

"ઠીક છે," ઈરિના એ કહ્યું, "હવે તું તૈયાર છે. ચાલ, મારી પાછળ આવ."

એ પેલા પ્રાંગણ માં પહોંચ્યા જે યહૂદી વસ્તી ની સીમા થી લાગેલું હતું. ઈરિના એ પ્યોત્ર ના જુના કપડાં ઉતાર્યા ને એને નવા કપડાં પહેરાવ્યા. પછી એ પાછળના દરવાજા થી નીકળ્યા અને યહૂદી વસ્તી માં થી સુરક્ષિત બહાર નીકળ્યા.

ઈરિના ના સહાયકો ભૂગર્ભ માં રહીને એની મદદ કરતા. ઘણી વાર ઈરિના ના સહાયકો યહૂદી બાળકો ને, ગટર ના બોગદાં ની ભૂલભૂલૈયા માં થી સ્વતંત્રતા અને સુરક્ષિતતા તરફ લઈ જતા હતા.



નવેમ્બર, 1942

ઝેગોટા બહાદુર પોલિશ સ્ત્રી અને પુરુષો નું એક ગુપ્ત સમૂહ હતું જે યહૂદીઓ ની સહાયતા કરી એને બચાવવા ચાહતું હતું. ઈરિના નું કામ યહૂદી બાળકો ની મદદ કરવાનું હતું. એ અને એના નેટવર્ક ના લોકો રોજ બાળકો ને યહૂદી વસ્તી માં થી બહાર કાઢતા રહ્યા. પણ ત્યાંથી નીકળી ને બાળકો ગયા ક્યાં?

ઈરિના ને બાળકો ની દેખભાળ કરવા માટે ઘણા બહાદુર લોકો મળ્યા. એને એવા પાલક પરિવાર મળ્યા જે નાના બાળકો ને રાખવા રાજી થયા. થોડા બાળકો પોલિશ અનાથાલયો માં રહેવા ગયા, અન્ય બાળકો કોન્વેન્ટ માં ગયા, જ્યાં સાધ્વીઓ એ એમની દેખભાળ કરી.



દરેક ને ખબર હતી કે અગર તેઓ એક યહૂદી બાળક ને સંતાડતી વખતે પકડાઈ જશે, તો તેઓ ને મોત ની સજા થશે. પણ આ સાહસી લોકોએ બાળકો ને બચાવવા માટે પોતાનો જીવ જોખમ માં મુક્યો.એમને ખબર હતી કે જે તેઓ કરી રહ્યા હતા એ નૈતિક રૂપ થી સાચું હતું.



ઈરિના એ નોંધ રાખી.

ઈરિના અને એના સહાયકો એ ન કેવળ બાળકો ને બચાવ્યા, પણ એ સુનિશ્ચિત કર્યું કે પ્રત્યેક બાળક સુરક્ષિત રહે અને એની સારી રીતે દેખભાળ થાય. ઈરિના અને એના સહાયકો એ બાળકો ની દેખભાળ કરવાવાળા પાલક પરિવારો ને પૈસા, પુરવઠો અને ભોજન પણ પહોંચાડયા.



"બાળકો હવે સારા હાથો માં છે," ઈરિના એ એની મૈત્રિણી જગ ને જણાવ્યું. "પણ જયારે યુદ્ધ સમાપ્ત થઈ જશે, તો એમને એમના માતા-પિતા સાથે પુનર્મિલન કરાવવું જરૂરી છે. હું બાળકો ના અસલી નામ, એના નવા નામ અને એ ક્યાં-ક્યાં છે એની એક નોંધ બનાવી રહી છું."

"ઠીક છે," જગ એ કહ્યું. "જો નાઝીઓ ને એ નોંધ મળી ગઇ તો એ અમને મારી શકે છે અને બાળકો અને એની દેખભાળ કરવાવાળાઓ ની પણ શોધખોળ કરી શકે છે."

"દરેક બાળક ને એનું અસલી નામ જાણવાનો હક છે," ઈરિના એ જોર આપ્યું. "અને પછી બાળકો નો પરિવાર એને શોધવા ચાહશે. પણ તું સાચું કહી રહી છે - આ પ્રમાણે ની નોંધ બહુ જોખમકારક થશે, અને આપણે બહુ સાવધાન રહેવાની જરૂર છે."



ઈરિના નું એપાર્ટમેન્ટ, ઓક્ટોબર 20, 1943

ઈરિના પકડાઇ ગઇ.

ઈરિના હંમેશા થી જાણતી હતી કે બાળકો ને બચાવવા એ બહુ મોટું જોખમી કામ હતું. હવે એનો સૌથી મોટો ડર સાચો પાડવાનો હતો.

ખટ! ખટ! ખટ!

"જલ્દી ખોલો!" એક માણસે બૂમ પાડી, દરવાજા પર તેજીથી દસ્તક આપતા.

"એ ગેસ્ટાપો (જર્મન છુપી પોલીસ) હશે!" ઈરિના ધીમે થી બોલી.

ઈરિના એ એની નોંધ હાથ માં પકડી અને એને બહાર ફેંકવા બારી પાસે ગઈ. પણ બારી ની બહાર પણ છુપી પોલીસ રાહ જોતી હતી! ઈરિના ની ઇમારત ને ઘેરી લેવામાં આવી હતી!

ખટ! ખટ! ખટ!

ઈરિના એ નામો ની સૂચિ જેનીના ની સામે ફેંકી. જેનીના એક મૈત્રિણી હતી જે એની સાથે રહેતી હતી. જેનીનાએ સૂચિ એના હાથ નીચે કપડાં ની અંદર દબાવી દીધી. એ પછી ઈરિના એ દરવાજો ખોલ્યો.



પાવિક જેલ, ઓક્ટોબર 1943

ઇરિના જેલ ગઇ.

પાવિક જેલ એ જગ્યા હતી જ્યાં ગેસ્ટાપો, નાઝી કાનૂન તોડવાવાળી કોઇ પણ વ્યક્તિ ની પૂછતાછ કરીને એને દંડિત કરી સકતી હતી.

"અમને બતાવો કે તું ઝેગોટા વિષે શું જાણે છે," ગેસ્ટાપો ના પોલીસે પૂછ્યું.

"હું કંઈ જાણતી નથી," ઈરિના એ ઉત્તર આપ્યો. "હું ફક્ત એક સામાજિક કાર્યકર્તા છું."



ગેસ્ટાપો પોલીસે ઈરિના ના પગ અને પંજા ને પહેલા ચાબુક થી ફટકા માર્યા, અને પછી બેલ્ટ થી.

પણ ઈરિના ચૂપ રહી. જેલ માં ઈરિના ના દિવસો હંમેશા એક સરખા જતા હતા.

જેલ માં ઈરિના દિવસ માં 12 કલાક કપડાં ધોવાનું કામ કરતી હતી. પછી એની ઝેગોટા ના મિત્રો ના નામ બતાવવા માટે પૂછતાછ કરવામાં આવતી હતી અને એને પીટવામાં આવતી હતી. એને બહુ ઓછું ખાવાનું આપવામાં આવતું હતું. ભૂખ અને વેદના ને કારણે રાત્રે એને સરખી ઊંઘ પણ આવતી ન હતી. દિવસો મહિના માં બદલાયા - અને 3 મહિના વીત્યા.



પાવિક જેલ, જાન્યુઆરી 1944

ઈરિના નું નામ પોકારવામાં આવ્યું.

"ઈરિના સેન્ડલર!" એક પહેરેદારે બૂમ પાડી.

અન્ય મહિલાઓ સાથે ઈરિના ને એક ટ્રક માં ધકેલવામાં આવી. એમને ગેસ્ટાપો ના મુખ્યમથક લઈ જવામાં આવ્યા.

"હવે આપણને મોત ને ઘાટ ઉતારવામાં આવશે," ઈરિના એ વિચાર્યું. "મને ગર્વ છે કે મેં કોઈ જાણકારી નથી આપી. હું મોત થી ડરતી નથી."

ઈરિના ને એક રૂમ માં ધકેલવામાં આવી જ્યાં એ ઘૂંટણ પર પડી ગઈ. એક અધિકારી એ એને ખેંચી અને પછી એ એને એક દરવાજા માં થી બહાર લઈ ગયો.

"હવે તું સ્વતંત્ર છે," અધિકારી એ પોલિશ માં કહ્યું. "અહીં થી જેટલી જલ્દી થઈ શકે, ભાગી જા."



એના ક્ષતિગ્રસ્ત પગ અને પંજા પર ઈરિના લંગડાતી અને ઠોકર ખાતી એક ગલી માં થી આગળ ચાલી. ત્યાં વાદળો પાછળ થી સૂરજ બહાર નીકળ્યો. ઈરિના એક પળ માટે આંધળી થઇ ગઈ. એણે પાછલા 100 દિવસો થી સૂરજ જોયો ન હતો.

ઈરિના સંતાઈ ગઈ.

ઝેગોટા એ ઈરિના ને મુક્ત કરવા માટે જર્મન અધિકારીઓ ને બહુ પૈસા ખવડાવ્યા હતા. પણ હવે એને છુપાવું જરૂરી હતું કારણકે નાઝીઓ નું માનવું હતું કે એ મરી ચુકી છે.

ઈરિના મિત્રો ના ઘર માં છુપાઈ ને રહી. થોડા દિવસો માટે એ વોરસો ના પ્રાણીબાગ માં પણ સંતાઈ, જ્યાં એ શિયાળ ના બચ્ચા સાથે એક પાંજરા માં સૂતી. પણ એણે ઝેગોટા સાથે એનું કામ ચાલુ રાખ્યું. એની મૈત્રિણી એ હજી પણ એ બાળકો ની સૂચિઓ ને બચાવી ને બહુ સાંભળી ને રાખી હતી.





ઉનાળા ના દિવસો, 1944

ઈરિના એ સૂચિઓ સંતાડી દીધી.

વોરસો વિદ્રોહ શરુ થઈ ગયો હતો. શેરીઓ માં લડાઈ થઈ રહી હતી.ઈરિના એ સુનિશ્ચિત કરવા ચાહતી હતી કે ભલે ગમે તે થાય, એની સૂચિઓ સુરક્ષિત રહે.

એક મધરાતે ઈરિના અને જગ, ચોર પગલે જગ ના પાછલા વાડા માં ગયા. બંને મૈત્રિણી એ મળીને ચપ્પુ અને ચમચા થી સખત માટી ને ખોદી એક ખાડો બનાવ્યો. ઈરિનાએ ત્રણ બરણી એ ખાડા માં ઉતારી અને પછી ખાડા ને માટી થી ઢાંકી દીધો. હવે સૂચિઓ સુરક્ષિત હતી, એ બરણીઓ માં બાળકો ના નામ હતા. એ આશા અને અને ઉમેદ ની બરણીઓ હતી.

અંત ના શબ્દો

યુદ્ધ ની સમાપ્તિ પછી ઈરિના ની સૂચિઓ એક એવા સંગઠન ને આપવામાં આવી હતી જે જીવીત બાળકો ને એના પરિવારો સાથે જોડવામાં મદદ કરી રહ્યા હતા. અફસોસ ની વાત એ હતી કે ઘણાખરા બાળકો ના માતા-પિતા નું મૃત્યુ થઈ ગયું હતું. પણ થોડા હજી જીવીત હતા અને ઈરિના ની સૂચિઓ ને કારણે તેઓ પોતાના બાળકો ને શોધી શક્યા.

થોડા બાળકોએ પોતાનો વાસ્તવિક ઇતિહાસ અને એના માતા-પિતા ના સાહસપૂર્ણ નિર્ણય વિષે શીખ્યું કે કેવી રીતે એમણે એમના બાળકો નો જાન બચાવવા માટે એમનો ત્યાગ કર્યો હતો. અને બીજાઓએ ઈરિના ને યાદ કરી - એ સાહસી અને દિલાસો આપવાવાળી મહિલાને જે તેઓને સ્વતંત્રતા તરફ લઈ ગઈ.

વર્ષો પછી લોકો એ પૂછ્યું, "ઈરિના, તમે એવું કેમ કર્યું? તમે યહૂદી બાળકો ને બચાવવા માટે તમારો જીવ જોખમ માં કેમ મુક્યો?"

"જર્મન કબ્જા દરમ્યાન," ઈરિના એ જવાબ આપ્યો, "મેં જોયું કે પોલિશ રાષ્ટ્ર ડૂબી રહ્યું હતું, અને યહૂદીઓની સૌથી દયનીય સ્થિતિ હતી. અને જેને સૌથી વધારે મદદ ની જરૂર હતી, એ હતા બાળકો. એટલે મારે એમની મદદ કરવી જ પડી."

12 મે 2008 ના ઈરિના એની મૈત્રિણી બિએટા સાથે નાસ્તો કરી રહી હતી. આ એજ બિએટા હતી જેને એક બાળકી ના રૂપ માં યહૂદી વસ્તી માંથી એક સુતારકામ ના ઓજાર ની પેટી માં રાખી ને બહાર કાઢવામાં આવી હતી. મોટી થઈ ત્યારે બિએટા એ જોયું કે યુદ્ધ માં એણે એના માતા-પિતા ને ખોઈ દીધા હતા. પણ એની પાસે એમને યાદ કરવા માટે એમની આપેલી એક ચમચી હતી. ઈરિના ની ઉમર હવે 98 વર્ષ ની હતી. એ સારી મનોઃસ્થિતિ માં હતી અને બંને મૈત્રિણી એ આપસ માં વાતો કરી. પછી ઈરિના એ એની આંખો બંધ કરી અને શાંતિ થી એનો દેહ ત્યાગી દીધો.

ઈરિના સેંડલર ને ઇઝરાયેલ માં હોલોકોસ્ટ માં મદદ કરવા માટે યહૂદી લોકો ના જીવીત સ્મારક, "યાદ વાશેમ" થી સન્માનિત કરવામાં આવી.

"જે કોઈ એક જીવન ને બચાવે છે, એ પૂરા બ્રમ્હાણ્ડ ને બચાવે છે." ઈરિના એ ક્યારેય પોતાને હીરો ન માની.

ઈરિના એ કહ્યું, "પહેલા હું એ જણાવી દઉં કે મારા ઘણા મદદગાર હતા. દુનિયા એ એમને ક્યારેય ભૂલવા ન જોઈએ. એ સાચું નથી કે એ એક વિરતાપૂર્ણ કાર્ય હતું. એને માટે કેવળ સહૃદયતા અને એક સરળ સ્વભાવ ની આવશ્યકતા હતી."

લેખક ની નોંધ

1999 માં યુનિઅન-ટાઉન, કાન્સાસ ના નવમી કક્ષા ની વિદ્યાર્થીનીએ, ઈરિના સેંડલર નામની એક પોલિશ મહિલા વિષે સમાચાર પત્ર માં એક લેખ વાંચ્યો. ઈરિના એ 2500 થી પણ વધારે બાળકો ને નાઝીઓ થી બચાવ્યા હતા.

"એ કેવી રીતે બને કે મેં એ વિષે પહેલા ક્યારેય સાંભળ્યું ન હતું?" એલિઝાબેથે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

એણે એની આસ-પાસ ના લોકો ને પૂછ્યું. પણ ઈરિના સેંડલર વિષે કોઇ જાણતું ન હતું. એના શિક્ષક મિસ્ટર કોનાર્ડ ની મદદ થી અને અન્ય બે ની વિદ્યાર્થીની, મેગન સ્ટુવર્ટ અને સબ્રિના કોન્સ સાથે મળી ને એલિઝાબેથે ઈરિના ના વીર કૃત્યો વિષે એક નાનું નાટક લખ્યું અને એને ભજવ્યું.

એલિઝાબેથ, મેગન અને સબ્રિના ને નાટક માટે ઘણા પુરસ્કાર મળ્યા. નાટક ને ભજવવા અને ઈરિના ની વાર્તા બતાવવા બીજા ઘણા છાત્રો પણ એમની સાથે જોડાયા.

પછી એલિઝાબેથ, મેગન અને સબ્રિના પોલેન્ડ ગયા અને ત્યાં ઈરિના સેંડલર ને મળ્યા. જોકે ઈરિના વૃદ્ધ થઈ ચુકી હતી, તો પણ એની આંખો માં ચમક અને બાળકો માટે એ જ પ્રેમ હતો.

ઈરિના એ વાત નો જીવતો-જાગતો પુરાવો હતી કે હોલોકોસ્ટ ફક્ત એવું કંઇ ન હતું જે તમે ફક્ત ઇતિહાસ ની ચોપડીઓ માં વાંચી શકો. હોલોકોસ્ટ વાસ્તવિકતા હતી, અને એ વાસ્તવિકતા લોકો સાથે થઈ હતી.

જેનિફર રોય